ગાંધીનગર સમાચાર
તા. ૧૩-૭-૨૦૧૫, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### ફરજિયાત મતદાન સામે ચૂંટણીપંચને જ વાંધો

ભારતનું રાજબંધારણ એટલું ઉદાર અને વ્યાપક છે કે એમાં લોકશાહીના હાર્દને લેશ પણ ઘસરકો પડે તેવો કોઇ પણ કાર્યકલાપ માન્ય નથી. મતદાન એ દરેક નાગરિકની પવિત્ર ફરજ ગણાય, પરંતુ એ 'ફરજિયાત' બનાવવાની વાત આવે ત્યારે નાગરિકના મૂળભૂત અધિકારનું હનન થાય છે. મતદાન એ હકીકતમાં નાગરિકને મળેલો અધિકાર છે, પરંતુ એ અધિકારનો ઉપયોગ કરવો - ન કરવો તે એની મરજી પર આધારિત છે. સરકાર એને કાંડુ પકડીને મતદાન કરવાની ફરજ ન પાડી શકે અને જો સરકાર એવું બિનલોકશાહી વલણ દાખવતી હોય તો ન્યાયપાલિકા નાગરિકના મતદાન નહીં કરવાના અધિકારનું રક્ષણ કરવા તૈયાર બેઠી છે. દેશમાં વિધાનસભા અને લોકસભાની મુક્ત અને ન્યાયસંગત ચૂંટણી યોજવાની તેમજ નાગરિકોના મતાધિકારનું રક્ષણ કરવાની બંધારણીય જવાબદારી ધરાવતા ચૂંટણી પંચે ફરજિયાત મતદાનના મુદ્દે સુપ્રીમ કોર્ટનું માર્ગદર્શન માગ્યું ત્યારે એની સમક્ષ આ સંદર્ભે પોતાનું સ્પષ્ટ મંતવ્ય રજૂ કર્યું છે. ચૂંટણી પંચના સોગંધનામાના પગલે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટિસ દત્તુએ કેન્દ્ર સરકારનો જવાબ માગ્યો છે અત્યારે ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે કેન્દ્ર સરકારનું નેતૃત્વ કરે છે. એમના શાસનકાળ દરમિયાન ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયનું ચૂંટણીઓમાં ફરજિયાત મતદાનનું બિલ પસાર કરાયું હતું. વર્તમાન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ફરજિયાત મતદાનનો આદેશ બહાર પાડવાની જાહેરાત કરી ચૂક્યાં છે. સુપ્રીમ કોર્ટમાં કરાયેલ જાહેર હિતની અરજી સંદર્ભે ચૂંટણી પંચે ખૂબ જ સ્પષ્ટ અભિપ્રાય આપ્યો છે. મતદાન કરવું એ નાગરિકનો બંધારણીય હક છે પણ એ એની બંધારણીય ફરજ નથી. મત આપવો કે નહીં તે મતદારના અભિપ્રાયની અભિવ્યક્તિનો અધિકાર છે. એ ન ઇચ્છે તો એને મતદાનની ફરજ ન પાડી શકાય. એવી ફરજ પાડવી તે એના અભિવ્યક્તિના અધિકાર છે. એ ન ઇચ્છે તો એને મતદાનની ફરજ ન પાડી શકાય. એવી પરજ પાડવી એ તેના અભિવ્યક્તિના સ્વાતંત્ર્ય પર તરાપ લેખાશે. આમ, ફરજિયાત મતદાનનો આગ્રહ રાખનારાં નરેન્દ્ર મોદી અને આનંદીબેન બેઉ માટે સુપ્રીમ કોર્ટમાં ચૂંટણીપંચે આપેલો અભિપ્રાય મુશ્કેલ સર્જે છે. મોદીએ અને આનંદીબેને જયારે જયારે આ બિલની વાત કરી છે ત્યારે કોંગ્રેસ એનો વિરોધ કરેલો છે. આગામી સ્વરાજની ચૂંટણીઓ વખતે ફરજિયાત મતદાનનો હુકમ કરનાર ગુજરાત સરકાર સામે બંધારણીય અડચણ આવી શકે છે. એ સાચું કે લોકશાહીમાં દરેક મતદાર એના મતાધિકારનો ઉપયોગ કરે તે જ આદર્શ સ્થિતિ ગણાય. પરંતુ એ આદર્શ નાગરિકના મતદાન નહીં કરવાના બંધારણીય અધિકારનો ભંગ ન કરે તે રીતે સિદ્ધ થવો ઘટે. ચૂંટણીપંચે ઇવીમેમ મશીનમાં ચૂંટણીમાં ઉમેદવારી કરનારા ઉમેદવારો પૈકી કોઇ પણ ઉમેદવાર મતદાન માટે લાયક ન લાગે તેવા સંજોગોમાં 'નન ઓફ ધ એબાઉ' - ઉપર પૈકીના કોઇ પણ નહીં - ના વિકલ્પની જોગવાઇ કરી છે. પરંતુ એ બટન દબાવવા માટે મતદાનમથકનો ફેરો ખાવો અને કતારમાં ઊભા રહેવું પડે, એને ફરજિયાત કેવી રીતે કરી શકાય? આગામી દિવસોમાં આ મુદ્દે રસપ્રદ ચર્ચાવિચારણા થવાની સંભાવના છે.

## એક બાળક, એક પુસ્તક, એક કલમ દુનિયાને બદલી શકે છે તેનું જ્વલંત ઉદાહરણ આ રહ્યું આપની સામે

**શબ્દ સમીપે**
**- નટવર હેડાઉ**

ગઇકાલે જ ૧૨મી જુલાઇ ગઇ. સંયુક્ત રાષ્ટ્ર એ ૧૨મી જુલાઇનો દિવસ મલાલા દિવસ તરીકે જાહેર કર્યો છે. કેમ કે ૨૦૧૩ની ૧૨મી જુલાઇએ મલાલા એ પોતાના ૧૬મા જન્મદિવસે સંયુક્ત રાષ્ટ્ર જનરલ મિ. બન કી મૂન, જનરલ એસેમ્બલીના પ્રમુખ બુક જેરેમિક, વૈશ્વિક શિક્ષણના રાજદૂત મિ. ગોર્ડન બ્રાઉન અને વિશાળ જન મેદની સામે સંયુક્ત રાષ્ટ્રમાં ભાષણ આપ્યું હતું. આ મલાકા કોણ છે તેને ગત વર્ષે મળેલ શાંતિ માટેના મોબેલ પુરસ્કારને કારણે નામથી તો આપ સૌ પરિચિત છો જ. પણ મલાલાની રોમાંચક પ્રેરક જીવનકથા પણ જાળવા અને માણવા જેવી છે.

હાં, આજે મારે તમને 'હું મલાલા છું!' પુસ્તક વિષે વાત કરવી છે. આ પુસ્તકના વીસ પ્રકરણોમાં મલાલાના જીવનની વાત ખુબ જ વિગતવાર રજૂ થઇ છે. જયારે છેલ્લે તેના વિષે જાણીતા ઉર્દૂ શાયર નીદા ફઝલીની ગઝલ મુકવામાં આવી છે. ૯, ઓકટોબર ૨૦૧૨ના રોજ પંદર વર્ષની મલાલા યુસુફ જઇ ઉપર પાકિસ્તાની તાલિબાની આતંકવાદીઓએ જીવલેણ હુમલો કરેલો. બપોરે સ્કૂલમાંથી પાછા ફરતાં આતંકવાદીઓ મલાલાની સ્કૂલ બસમાં ચડી ગયા અને આડેધડ મલાલા ઉપર ગોળીઓથી હૂમલો કર્યો. મલાલાનો દોષ એટલો હતો કે, એ દરરોજ સ્કૂલમાં ભણવા માટે જાય અને છોકરીઓ શિક્ષણ મેળવીને પુરુષોની સાથે ખભે-ખભો મિલાવીને દેશની પ્રગતિમાં ભાગ લે - એ વિચાર તાલિબાનને મંજૂર ન હતો. કેમ કે તેઓ એને શરિયતની વિરુદ્ધ માને છે. મલાલા ખરેખર નસીબદાર હતી કે તે આ હુમલામાં બચી ગઇ. આ હુમલા વિષે દુનિયાભરમાં જોરદાર વિરોધ થયો. મલાલા આજે છોકરીઓના માટે શિક્ષણ જગતમાં એક પ્રતિક બની ગઇ છે.

નારી શિક્ષણને પ્રોત્સાહન આપવા બદલ મલાલા યુસુફ જઇને યુરોપિયન સંઘે પ્રતિષ્ઠિત સખારોવ માનવાધિકાર પુરસ્કારથી સન્માનિત કરેલ છે. ઇન્ટરનેશનલ ચિલ્ડ્રન પીસ પ્રાઇશ (રનર-અપ) મલાલાને ૨૫, ઓક્ટોબર ૨૦૧૧ના રોજ આપવામાં આવેલ તે તેણે પોતાને અને અન્ય છોકરીઓને ઉભા થવાની કિંમત આપી તે માટે હતો. તે માટે મલાલાએ નેશનલ અને ઇન્ટરનેશનલ મીડિયાનો ઉપયોગ કરેલો જેથી છોકરીઓ જાણી શકે કે તેમને સ્કૂલે જવાનો અધિકાર છે. તે પછી પાકિસ્તાનનો નેશનલ યૂથ પીસ પ્રાઇશ ૧૯ ડિસેમ્બરે ૨૦૧૧ના રોજ તત્કાલિન વડાપ્રધાન યુસુફ રઝા ગિલાનીના હસ્તે મલાલાને એનાયત કરાયો હતો. એ પછી આ એવોર્ડનું નામ મલાલા યૂથ પીસ પ્રાઇઝ રાખવામાં આવ્યું. ૧૯ નવેમ્બર ૨૦૧૨ના રોજ હાઉસ ઓફ લોર્ડ્સમાં વર્લ્ડ પીસ એન્ડ પ્રોસ્પેરિટીના વડા પ્રિન્સ અલી ખાને વીરતા પુરસ્કાર એનાયત કર્યો. જેની મલાલા વતી બ્રિટનમાં પાકિસ્તાનના નાયબ હાઇકમિશ્નરે ઝુલ્ફીકાર ગરઝેદીએ સ્વીકાર કરેલો. ટાઇમ મેગેઝિનનો પર્સન ઓફ ધ યર, ૨૬ નવેમ્બર ૨૦૧૪ના રોજ જાહેર કરાયો અને ૨૯ ડિસેમ્બરે ચાર રનર-અપમાંથી એક જાહે કરાઇ. સોશિયલ જસ્ટિસ માટે મધર ટેરેસા મેમોરિયલ એવોર્ડ મલાલાને ૨૦૧૨ની ૨૮મી નવેમ્બરે અપાયો હતો. તે ઉપરાંત મલાલાને શાંતિ અને માનવતાના કાર્ય માટે ૨૦૧૨નું રોમ પ્રાઇઝ અને રોમનું માનદ નાગરિકત્વ ૨૦૧૨ની ૧૯ ડિસેમ્બરે આપી સન્માનિત કરાઇ હતી.




દરેક બાળકને સમાન શિક્ષણ મળી રહે તે માટે તેમના સમર્થનમાં બોલવાનું સાહસ કરવા બદલ મલાલાને આયર્લેન્ડનો સન્માન જનક એવોર્ડ 'ટિપ્પેરી ઇન્ટરનેશનલ પીસ એવોર્ડ' ૨૦૧૩ના ત્રીજી જાન્યુઆરીએ અપાયો હતો. ફ્રાન્સની સરકારે પણ મલાાને ૧૦, જાન્યુઆરી ૨૦૧૩ના રોજ સિમોન ડેં બેવોર પુરસ્કારથી નવાજી. સન્માન લેવા ગયેલા તેના પિતા ઝિયાઉદ્દીન અલ્લાહે તેને સાથ આપ્યો છે. આથી જ તે સાજી થઈ રહી છે. તે પછી ૨૧મી માર્ચ ૨૦૧૩ના મલાલાને બ્રિટનમાં ફ્રીડમ ઓફ એક્સપ્રેશન એવોર્ડ અપાયેલ. અને સંયુક્ત રાષ્ટ્રના મહામંત્રી બન કી મૂને પાકિસ્તાનની સાહસિક બાળકી મલાલાને ૨૦૧૩ની આઠમી એપ્રિલ યુ.એન. આઇ.ડી. એવોર્ડ પણ મળ્યો છે. તે સિવાય યુનાઇટેડ સ્ટેટ ઓફ અમેરિકા ચેમ્પિયન ફોર ગ્લોબલ ચેઇન્જ પુરસ્કાર પણ ૬, નવેમ્બર ૨૦૧૩ના રોજ એનાયત કરાયો હતો.

લંડનમાં બ્રિટીશ પાર્ટીના સાંસદ ખાલીદ મહેમુદે ૨૦૧૩ના ફેબ્રુઆરીમાં સરકારને અપીલ કરી કે નોબેલ પ્રાઇઝ માટે મલાલાનું નામ નોમિનેટ કરાય. તેમણે કહ્યું કે, 'મલાલાએ પોતાનો જીવન જોખમમાં મુકીને મોટી કિંમત ચૂકવી છે. પણ તેને જે રીતે સમગ્ર દુનિયાને જાગૃત કરી છે તેવું કોઇ કરી શકે નહીં. નોબેલ પુરસ્કાર માટે ચલાવવામાં આવેલ અભિયાનમાં ત્રણ લાખ હસ્તાક્ષર આવ્યા હતા.'

આજે દુનિયાભરમાં હિંમતનું જીવતું જાગતું ઉદાહરણ બની ગયેલ મલાલાએ માત્ર ૧૧ વર્ષની વયે જ પાકિસ્તાનમાં છોકરીઓના શિક્ષણ માટે અવાજ ઉઠાવ્યો હતો. સ્વાતની દીકરીએ સંઘર્ષનો માર્ગ પસંદ કર્યો. શાઇનિંગ યંગ ગર્લ બની ગયેલ મલાલાએ અખબારોમાં લખીને તેમજ ટી.વી. પર મુલાકાતો આપીને કટ્ટરપંથીઓને પડકારવા લાગી. તેની કવિતામાં વિરોધના સૂર સાથે કંક કરવાની તમન્ના પણ હતી. 'ગુલ મકઇ' જેવા નકલી નામ સાથે તેણે બીબીસી પર બ્લોગ લખવા માંડી તેને મલાલાની ડાયરીની નામથી પ્રસિદ્ધી મળી. તેની ડાયરી ઇસ્લામિક જગતમાં ચર્ચિલ બની જે ૧ જાન્યુઆરી ૨૦૦૯થી શરુ થઇ હતી. તે આ પુસ્તકમાં આપવામાં આવી છે. તે પછી શરુ થયેલ તેની રાજકીય કારકિર્દીમાં તેની વીડિયો ફિલ્મ, દસ્તાવેજી ફિલ્મ આવી જેમાં તે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના રાષ્ટ્રપતિઓ, અમેરિકાના રાષ્ટ્રપતિ ઓબામાના પ્રતિનિધિઓ સાથે બેઠેલી જોઇને તેની લોકપ્રિયતા વધતા તે ક્રૂરતાનો શિકાર બની. પણ સમગ્ર દુનિયા તેની સાથે થઇ ગઇ. ઘરે ઘરે મલાલાનું નામ ગાજતું થયું. તેણે કરેલ દુઆઓ કામ લાગી, સપનું સાકાર થયું. તે એક રોશની બની ગઇ. તેથી જ નીદા ફઝલીએ તેની ગઝલમાં લખ્યું કે -

'આંખ તેરી ચાંદ ઔર સૂરજ
તેરા ખ્વાબ હિમાલા...
વક્ત કી પેશાની મેં અપના
નામ જડા હૈ તુને,
જૂઠે મકતબા મેં સચ્ચા
કુરાન પઢા હૈ તુને,
અંધિયારોં મેં લડને વાલી
તેરા નામ ઉજાલા, મલાલા,
મલાલા.'

નોબેલ પારિતોષિક વિજેતા મલાલા વિષેનું આ પુસ્તક 'હું મલાલા છું!' સુમન બાજપેયી દ્વારા લખાયેલું છે. તેનો ગુજરાતી અનુવાદ તુષાર ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યો છે. તમને આ પુસ્તક જરુરથી વાંચવું ગમશે જ.

**હું મલાલા છું!**
**લેખક - સુમન બાજપેયી, અનુવાદ - તુષાર ત્રિવેદી**
**પ્રકાશક - ડિવાઇન પબ્લિકેશનન્સ, ૩૦, બીજેમાળ**
**કૃષ્ણ કોમ્પલેક્ષ, જૂનું મોડલ સિનેમા**
**ગાંધી રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૧**
**પ્રથમ આવૃત્તિ - ૨૦૧૪, કિંમત રૂા. ૮૫/-**

## માનસિક અસ્વસ્થ લોકોની મિલકત પણ કોઇ ચાઉં ન કરી જાય તે માટે પણ વિશેષ જોગવાઇ છે

**મહિલા સમાજ અને કાયદો**
**- ડો. ભાવના કે. જોશીપુરા**

આપણે આ કોલમમાં ૧૦૦ હપ્તા પૂર્ણ કર્યા છે અને મહિલા તથા બાળકોને સ્પર્શતા લગભગ તમામ કાયદાઓની ચર્ચા આપણે વિગતવાર કરી છે. આ કોલમમાં ઉદાહરણ આપીને પણ કાયદો સમજાવવાની કોશીષ કરી છે. વાચકોના તમામ પ્રશ્નોના જવાબ પણ આપવાનો પ્રયત્ન કર્યો છે. આ બધુ લખાય રહયું છે ત્યારે બે અગત્યની ઘટનાઓ બને છે. પ્રથમ બાબત જોઈએ તો,

સૌરાષ્ટ્રના અંતરિયાળ વિસ્તારમાં રહેતી એક મહિલાએ પોતાની જાતે ભરણપોષણ કરવા શકિતમાન નહીં હોય તેમજ તેના પુત્ર - પુત્રવધૂ તરફથી કોઈ સહકાર નહીં હોય. ગુજરાત હાઈકોર્ટમાં ઈચ્છામૃત્યુ માંગવા સંદર્ભે અરજી કરે છે. બીજી ઘટના જોઈએ તો,

ગીર પંથકમાં ગીરસોમનાથ જિલ્લામાં અંતરિયાળ એક ગામડામાં એક માતા પોતાની દિકરીને પલંગ સાથે બાંધી રાખે છે. આ બાબતની માહિતી મળતા ચારેબાજુ આ સમાચાર ફેલાય છે અને ઈલેકટ્રોનિક મીડીયામાં પણ આ કિસ્સો ચર્ચાની એરણે ચઢે છે. અંગ્રેજી ભાષામાં જેને આપણે સ્ટેઈક હોલ્ડર કહીએ એટલે કે ગુજરાતીમાં સમાજ જીવનમાં ભીન્ન ભીન્ન સ્તરના લોકોએ આ ઘટનાને ભીન્ન ભીન્ન રીતે મુલવી અને ભીન્ન ભીન્ન અભિપ્રાયો આપ્યા.

માનસિક અમર્થતા માટે ખાસ કરીને કેટલાક વર્ગીકરણો કરવામાં આવ્યા છે. જેમ કે, સ્ટીમ (૧૯૭૬), હેબર (૧૯૬૧), કીર્ક (૧૯૫૧), એમ અલગ અલગ વર્ગીકરણો જોતાં બુધ્ધિમતાના સ્તર ઉપર આ સમર્થતા નક્કી થાય છે. જેમ કે, માઈલ્ડ એટલે કે હળવી માનસિક વિકલાંગતામાં આ ટકાવારી ૫૦ થી ૭૦ ટકા, તેનાથી ઉપરની શ્રેણીમાં ૩૫ થી ૪૯ ટકામાં, તીવ્રમાં ૨૦ થી ૩૪ ટકા, અને તીવ્ર ૨૦ ટકાથી નીચે બુધ્ધિમતાનું પ્રમાણ જોવા મળે છે.

આ માટેના કારણોમાં મુખ્યત્વે કારણો જણાવવામાં આવ્યા છે. પ્રથમ એટલે વારસાગત અને આ વારસાગત કારણોમાં જેનેટીક ડીસોઓર્ડર, કુપોષણ, બાળકના ગર્ભમાં રહેવા સમયની ઈજા સહિતના કારણો છે. બીજા કારણમાં પ્રસુતિ પુર્વેની કેટલીક બિમારીઓ જેમ કે, પ્રીમોચ્યર ડીલવરી, બાળકનું અતિ ઓછું વજન અને જન્મ સમયેની તાણ અને ત્રીજું કારણ એટલે બાળકના જન્મ પછી કુપોષણ, ઈન્ફેકશન અને મગજની ઈજા એમ જોવા મળે છે.

વર્તમાન સંદર્ભમાં સંશોધકોએ ખૂબ જ મહેનત કરી આવા બાળકો સમાજમાં મુખ્ય પ્રવાહમાં આવે તે માટે વિવિધ પ્રકારની પ્રશિક્ષણ પધ્ધતિઓ અપનાવેલી છે. આ ઉપરાંત શારિરિક રીતે પણ બાળક મુખ્ય પ્રવાહમાં આવે, બોલચાલમાં તે અન્ય બાળકની હરોળમાં ઉભા રહે અને ખાસ કરીને આવા બાળક માટે શિક્ષણના માધ્યમથી પુનઃવસવાટની પ્રક્રિયા કેન્દ્રસ્થાને છે.

ફરીથી આપણે ગીરગઢડાના એ કિસ્સાની બાબત પર આવીએ તો એક માતા પોતાની દસ વર્ષની દિકરીને બાંધીને રાખે છે અને વર્તમાન પત્રો તથા સમૂહ પ્રચાર માધ્યમોં ારા આ બાબત ચારેબાજુ ચર્ચા જોવા મળે છે. કેટલાક લોકોએ એ બાળકીની સ્થિતિમાં પણ વેદના વ્યકત કરી, તો વળી કોઈએ એની માતાએ બાળકીને બાંધી તો ન જ રાખવી જોઈએ તો તેવું ભારપૂર્વક કહયું. આ બધી ચર્ચામાં ગામના આગેવાનો અને સરપંચને પણ સામેલ કરવામાં આવ્યા.

એ માતાની વાત જયારે સાંભળી અને આ ચર્ચામાં મારે પણ સામેલ થવાનું થયું ત્યારે પ્રથમ તો એની સ્થિતિ જે જાણી તે જોઈએ તો, એ દિકરી આશરે પાંચ વર્ષની હતી ત્યારે બિમાર પડી અને એ બિમારી બાદ તેણીને માનસિક અસ્વસ્થતા ઉભી થઈ. આગળ ચર્ચા કરી તેમ માનસિક રીતે અસ્વસ્થ થવાનું એક કારણ એ કોઈપણ પ્રકારનું ઈન્ફેકશન પણ છે. આ દિકરી જેમ-જેમ મોટી થતી ગઈ તેમ તેમ તેના તોફાનો વધવા લાગ્યા. આપણને સાંભળીને આશ્ચર્ય થાય કે આવડી નાની દિકરીએ ઉચા ડુંગરની ટોચ ઉપર ચડી જાય તો વળી કોઈ ઈમારતના થાંભલા પર પણ ચડી જાય, ગમે ત્યાં ભાગી જાય અને તેણીને આ બધુ કરવા માટે તાકાત કઈ રીતે આવે છે તેની કોઈને ખબર ન પડે.

દિકરીની માતા એ વિધવા છે. કુલ ચાર દિકરીઓ છે અને તે પૈકી સૌથી નાની દિકરી આ બિમારીથી પીડાય છે. પતિનું અચાનક અવસાન થતા ઘરનો બોજો માતાના શિરે આવી ચડે છે મોટી દિકરી કપરા સંજોગોમાં ભણવાનું ચાલુ રાખે છે અને આમ તે પોતાના અભ્યાસ માટે આખો દિવસ ઘરની બહાર હોય છે. બીજી બે બહેનો માતા સાથે ફરજિયાત રીતે કામ કરવા જાય છે. માતા અને બંને દિકરીઓ કામેથી પાછા આવે તો સૌથી નાની દિકરીને શોધખોળમાં દોડવું પડે. કારણકે એ ઘર છોડીને દુર સો દુર જતી રહી હોય. માતા આખો દિવસ મજૂરી કરે અને આમ દિવસો જતા દિકરીની માનસિક સ્થિતિ વધારે ને વધારે ખરાબ થવા લાગી. માતાએ ઘરનો નિર્વાહ ચલાવવા કામ કરવા જવું જ પડે. બે દિકરીઓ પણ સાથે જાય તે સ્થિતિમાં આ સૌથી નાની બાળકીને ઘરે સલામત રહે તે હેતુ તેણીને બાંધીને જતા હશે તેવું પ્રાથમિક રીતે લાગ્યું.

બીજી બાબત જોઈએ તો અતિશય ગરીબી છતાં આ નાની દિકરીને બંને સમય જમાડવા માટે અને તેની અન્ય રીતે કાળજી રાખવા માટે તેણીની માતા શારિરિક અને માનસિક સંઘર્ષ કરતી. તે વર્ણવી શકાય તેમ નથી. સમાજમાંથી કોઈ શૂર એવો પણ ઉઠયો કે આ માતાએ દિકરીને બાંધી રાખી છે તેથી કાયદેસરના પગલાં લેવા જોઈએ. આ બાબત જાણીને સામાજિક દ્દષ્ટિએ એવું લાગ્યું કે એ માતાની મદદ ન કરવી જોઈએ?

એક સમૂહ પ્રચાર માધ્યમના વ્યકિતએ મને ફોન કર્યો અને અમારો અભિપ્રાય એ હતો કે, એ માનસિક અસ્વસ્થ રીતે દિકરીનું માતાને પ્રથમ તો સહિયારો મળવો જોઈએ કે તેની સાથે કોઈ છે. સક્ષમ અધિકારોએ પણ એ બાબતને સમર્થન આપ્યું એટલું જ નહિ ગામના આગેવાન અને સક્ષમ અધિકારીઓએ આ દિકરીની મેડીકલ તપાસ કરાવીને તેણીની શ્રેષ્ઠ સારવાર કઈ રીતે થઈ શકે તે બાબતનું ખૂબ રસ લીધો.

આવી કોઈ એક દિકરીની બાબત પ્રકાશમાં આવે ત્યારે સમાજ જાણે કે અચાનક જાગૃત થાય છે. પરંતુ માનસિક રીતે અસ્વસ્થ બાળકના વાલીની સ્થિતિ અને એ બાળકોના વાલીની ચિંતા એ ઘણીવાર અનુભવી છે. ભભમેન્ટલી રીટાર્ડેડ હોમભભ એ કદાચ આ સંવેદનાને જ આધારે ઉભા થયા છે. અનેક લોકોને આ વિશેષ ક્ષેત્રમાં કામ કરતા જોયા છે. એટલું જ નહિ આવા અનેક અનુભવો નજર સમક્ષ છે.

માનસિક અસ્વસ્થ લોકોની મિલકત પણ કોઈ ચાઉ ન કરી જાય તે માટે પણ વિશેષ જોગવાઈ છે. ખાસ કરીને આ સંદર્ભમાં વર્ષમાં એક પખવાડિયાની ઉજવણી પણ થાય છે. આ બાબતે શું જોગવાઈઓ છે? વિશેષ કાયદાની માહિતી સાથે મળીએ આવતા અંકે...

## ખુશીનો ભાવ સાત્ત્વિક છે, હકારાત્મક છે, તે બહારથી નહિ પણ અંદરથી પ્રગટ થાય છે

**હું રસ્તે રઝળતી વારતા**
**- અયના કમલેશ**

દુનિયામાં દરેક વ્યક્તિ ખુશ થવા મળે છે, તો કેટલાંકને કોઇને આપીને ખુશી મળે છે. કોઇને બીજાને મદદ કરવામાં, તો કોઇને બીજાની મદદ લેવામાં ખુશી મળે છે. કેટલાંક એવાં પણ લોકો છે કે જેમને બીજા પાસેથી છીનવી લેવામાં અને બીજા લોકોને હેરાન કરવામાં ખુશી મળે છે. જો કે આ ખુશી શુદ્ધ અને સાત્વિક નથી હોતી પણ પાશવી હોય છે. દરેક વ્યક્તિની ખુશ થવાની ફોર્મ્યુલા અલગ અલગ હોય છે. ઘણીવાર લોકો ખુશી મેળવવા માટેના પ્રયત્નમાં દુઃખી જઇ જતાં હોય છે.

સારું છે કે ખુશીઓ બજારમાં વેચાતી મળતી નથી. નહિતર સહુથી વધારે ખુશીઓ અમીર લોકો પાસે હોત. વજન ઊંચકીને જતો મજૂર, ખેતરમાં કામ કરતો ખેડૂત, કપડાં ધોતી સ્ત્રી, ઉઘાડા પગે ચાલ્યું જતું બાળક કે રસ્તો ક્રોસ કરતો સુરદાસ ઘણાં અમીરો કરતાં વધારે ખુશ હોય છે. તેમને જે મળ્યું છે તેમાં સંતોષ છે અને તે સંતોષમાં ખુશી છે. જેમની પાસે અનેક ઘણું હોવા છતાં તેઓ તેનાથી વધારે મેળવવા આંધળી ડોટ મુકતાં હોય ત્યારે એમનો એ અસંતોષ તેમની એ લાલસા તેમને દુઃખી કરે છે. અંતે તો તેઓ પણ ખુશીઓ મેળવવાનો પ્રયત્ન કરતાં હોય છે. પણ તેમનો રસ્તો ખોટો હોય છે. ખુશીનો ભાવ સાત્ત્વિક છે. હકારાત્મક છે. તે બહારથી નહિ પણ અંદરથી પ્રગટ થાય છે.

કેટલાંક લોકોને પરિણામ કરતાં વધુ ખુશી પ્રયત્નમાં મળે છે. એવા લોકો પોતાનું કામ ખૂબ જ નિષ્ઠાપૂર્વક દિલ દઇને કરતાં હોય છે. આફ્રિકામાં હમણાં હમણાં એક નવો રોગ 'ઇબોલા' અસ્તિત્વમાં આવ્યો છે. પાત્રીસ વર્ષના અમેરિકાના ડોકટર અને સંશોધક પીટર હબાર્ડે તેની રસી શોધી કાઢી છે. તેમણે તેનો પ્રયોગ ૯ સપ્ટેમ્બર ૨૦૧૪ના રોજ તેમના પોતાના પર કર્યો હતો. હબાર્ડે પહેલાં તેનો વાયરસ તેમના શરીરમાં ઇન્જેક્ટ કરાવ્યો હતો અને તેના થોડાં દિવસો પછી મેરેથોનમાં ભાગ લીધો હતો. પીટર હબાર્ડેને પોતાનો જીવ જોખમમાં મુકીને પણ બીજા લોકો માટે કંઇક કરી છૂટવું હતું. તેમને ઇબોલાના દર્દીઓના આંસુઓ-લૂછવામાં ખુશી મળતી હતી.

આવી જ એક ભારતની ટીનેજર છોકરી છે પ્રકૃતિ. લખનૌની સોળ વર્ષની પ્રકૃતિના પ્રયાસોથી ત્રણસો માણસોને ખુશી મળી હતી. વીસ હજાર વ્યક્તિઓ પાસેથી નેત્રદાનનું સોગંધનામું મેળવવા બદલ લિમ્કા બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સમાં તેનું નામ આવી ચૂક્યું છે. તે ચાર વર્ષની હતી ત્યારે તેનો મિત્ર શિવમ કોર્નિયલ બ્લાઇડનેસનો શિકાર થઇ ગયો હતો. પ્રકૃતિને ત્યારથી જ અંધ લોકોને માટે કંઇક કરવાની ઇચ્છા જાગી હતી. તેના પિતા ડોકટર છે. તેમની મદદથી તે અંધ લોકોને તેમની દૃષ્ટિ પાછી મેળવવામાં મદદ કરે છે. આંખોની દૃષ્ટિ મેળવીને હસતાં ચહેરાઓ જોવાથી પ્રકૃતિને ખુશી મળે છે.

બીજાને ખુશ કરવા માટે કેટલાંયે વ્યક્તિઓએ પોતાનું સર્વસ્વ લૂંટાવી દીધાના દાખલા અનેક છે. કોઇને લૂંટીને ખુશ થવા કરતાં લુંટાઇને ખુશ થવાવાળાઓને જ સાચી ખુશી મળે છે. આવી જ લંડનની એક યુવતી માનસિક રીતે વિકલાંગ બાળકોની એક ટ્રસ્ટમાં નોકરી કરે છે. તે કહે છે કે, માનસિક રીતે વિકલાંગ બાળકો જયારે ટીનએજ વયે પહોંચે છે. ત્યારે તેમના મનમાં પણ સેક્સની ભાવના જાગે છે. તેઓને પણ પોતાના સાથીદારની ઝંખના હોય છે. આ લેડી આવાં બાળકોને સેક્સનું જ્ઞાન આપે છે. પ્રેક્ટિકલી તેમને સમજાવે છે. આપણે કદાચ આવી સ્ત્રીને ચારિત્ર્યહીન કહીશું કે વિકૃત કહીશું. તે લેડીનું માનવું છે કે તે આમ કરીને તે બાળકોનું ભલું કરી રહી છે.

**બીજાને ખુશ કરવા માટે કેટલાંયે વ્યક્તિઓએ પોતાનું સર્વસ્વ લૂંટાવી દીધાના દાખલા અનેક છે, કોઇને લૂંટીને ખુશ થવા કરતાં લુંટાઇને ખુશ થવાવાળાઓને જ સાચી ખુશી મળે છે**

આમ જોવા જઇએ તો ખુશીની કોઇ સર્વસામાન્ય ફોર્મ્યુલા નથી કે બજારમાં તેની કોઇ તૈયાર રેસિપી મળતી નથી. ખુશીઓને મેળવવા બહાર ફાંફાં મારવાને બદલે દરેક વ્યક્તિએ પોતાનાં દિલમાં ઝાંકવું જોઇએ. કેમ કે ખુશી તો આપણી અંદર છૂપાયેલી છે.

સામાન્ય રીતે ખુશી બીજાને ખુશ કરવામાં મળતી હોય છે. કોઇનાં આંસુ આપણને ખુશી આપી શકતા નથી. કોઇનું દુઃખ આપણને ખુશ કરી શકતું નથી. બાળકોનાં ચહેરા પરનું નિર્દોષ હાસ્ય આપણી ખુશીઓ બેવડાવી શકે છે. આપણું મન પ્રફુલ્લિત કરી શકે છે અને આપણો દિવસ સુખમય બનાવી શકે છે.

ઘણા લોકો કોઇનાં દુઃખમાંથી ક્રૂર આનંદ મેળવતાં હોય છે. આવાં લોકો માનસિક વિકૃતિથી પીડાતાં હોય છે.

એક વર્ગ એવો પણ છે કે જે પોતે દુઃખી થઇને બીજાને ખુશીઓ આપતો હોય. આપણી હિન્દી ફીલ્મો અને તેના ગીતોમાં આ પ્રકારની વેદના સચોટપણે દર્શાવવામાં આવી છે. 'ખુશી કી વો રાત આ ગઇ, કોઇ ગીત બજને દો...', 'ખુશ રહો હર ખુશી હૈ તુમ્હારે લિયે, છોડ દો આંસુઓંકો હમારે લિયે...', 'ઝૂમ ઝૂમ કે નાંચો આજ, નાચો આજ, ગાઓ ખુશી કે ગીત...', 'ખુશિયાં હી ખુશિયાં હો, દામન મેં જિસ કે કયો ન ખુશી સે વો દિવાના હો જાએ...' વગેરે વગેરે એવાં કેટલાંયે ગીતો છે જે સાંભળવાથી આપણને એક અલગ પ્રકારની ખુશીઓનો અહેસાસ કરાવે છે. તમને પણ આવો અનુભવ થયો જ હશે.

